# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/042 Dt. 12/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ઇન્વેસ્ટ ઇન્ડિયાના વાઇસ પ્રેસિડેન્ટ સાથે મિટીંગ કરી

### SMEs અંગે સહયોગ આપવા ઉપરાંત ભારતમાં આવતા ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (FDI)ને દક્ષિણ ગુજરાતના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રોકાણ કરાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરાઇ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ સહિતના પ્રતિનિધિ મંડળે તા. ૩૦ જૂન ૨૦૨૫ના રોજ મુંબઇ ખાતે ઇન્વેસ્ટ ઇન્ડિયાના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી કુલાથુમની કાર્તિકેયન સાથે મુલાકાત કરી હતી. દક્ષિણ ગુજરાતમાં રોકાણને વેગ આપવાના હેતુસર યોજાયેલી આ મિટીંગમાં મુખ્યત્વે નાના અને મધ્યમ ઉદ્યોગો (SMEs)માં રોકાણની તકો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ મિટીંગમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ SMEs ક્ષેત્રના રાષ્ટ્રીય વિઝન સાથે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને પણ જોડવાનો પ્રયાસ કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, SGCCI દ્વારા ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત GITE 2025 (Gujarat International Trade Expo) માટે Invest India પણ સહભાગી થાય તે માટે તેઓને અનુરોધ કરવામાં આવ્યો હતો. સાથે જ ચેમ્બર દ્વારા આયોજિત Buyer Hosting Programme માટે પણ ઇન્વેસ્ટ ઇન્ડિયાનો સહકાર મળી રહે તેવી અપીલ કરવામાં આવી હતી, જેથી દેશ-વિદેશના ખરીદદારોને આકર્ષી શકાય અને સ્થાનિક ઉદ્યોગોને નવા બજાર મળી શકે.

ભારતમાં ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (FDI)ને કયા રાજ્યમાં અને કયા ક્ષેત્રમાં રોકાણ કરી શકાય તેનું વિશ્લેષણ કરીને યોગ્ય માર્ગદર્શન આપવાનું અને ભારત માટે રોકાણ લાવવાના પ્રયાસોમાં સહયોગ આપવાનું મહત્વપૂર્ણ કાર્ય Invest India સંસ્થા સંભાળે છે, આથી આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે Invest India ના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કુલાથુમની કાર્તિકેયનને ભારતમાં આવતા ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (FDI)ને દક્ષિણ ગુજરાતમાં રોકાણ કરવા માટે ખાસ ભારપૂર્વક રજૂઆત કરી હતી.

SGCCIના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, ભારતના સમગ્ર ઈકોનોમિક ડેવલપમેન્ટમાં ગુજરાતનું ખાસ યોગદાન રહ્યું છે અને ગુજરાત આખા ભારતમાં બિઝનેસ કરવા માટે સૌથી સુરક્ષિત રાજ્ય છે. ગુજરાતીઓના રજેરજમાં ઉદ્યોગ સાહસિકતા રહેલી છે અને એમાં પણ દક્ષિણ ગુજરાત જેવા પ્રગતિશીલ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્સટાઇલ, ડાયમંડ, કેમિકલ, ઓટોમોબાઈલ, મશીન ટૂલ્સ અને સર્વિસ સેક્ટર જેવા ઘણા ઉદ્યોગો વિકસિત થયેલા છે, જે ભારતમાં આવતા ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (FDI) માટે યોગ્ય માહોલ પૂરું પાડી શકે તેમ છે.

ચેમ્બરના પ્રતિનિધિઓએ તેમણે અનુરોધ કર્યો હતો કે, ભારતમાં આવતા વિદેશી રોકાણકારોનું ઇન્વેસ્ટ ઇન્ડિયા દ્વારા દક્ષિણ ગુજરાતમાં રોકાણ કરવા માટે ધ્યાન દોરવામાં આવે અને આ વિસ્તારમાં ઉપલબ્ધ સંભાવનાઓ અંગે સંસ્થા દ્વારા પ્રચાર – પ્રસાર કરવામાં આવે. બેઠકના અંતે બંને સંસ્થાઓ વચ્ચે ભવિષ્યમાં સહયોગ અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વધુ સક્રિય રીતે સહયોગ આપવા માટે સહમતિ સાધવામાં આવી હતી.